
શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય

માધ્યમિક અને  ઉચ્ચતર માધ્યમિક વિભાગ –ગુજરાતી માધ્યમ

Activity Report -2022-23 (December& January)

## Mathematics Day (22-12-2022)




તારીખ 22- 12- 2022 ના રોજ પ્રસિદ્ધ ભારતીય ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજન ની જન્મ જયંતી નિમિત્તે શાળામાં ગણિત દિવસની ઉજવણી કરવામાં આવી.  ગણિત દિવસ નિમિત્તે ધોરણ 9 અને 11 ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો. શાળાના નોટિસ બોર્ડ પર શ્રીનિવાસ રામાનુજન વિશે માહિતી આપવામાં આવી. તેમજ ગણિત ને લગતા કોયડા તેમજ વર્ગમાં ગણિત ગમ્મત દ્વારા વિદ્યાર્થીઓમાં ગણિત વિષયમાં રુચિ વધે તેવા કાર્યક્રમો કરવામાં આવ્યા.

**Incharge Teacher Name**
**ManubhaiKalsariya,JigarGajjarand Jagdipbhai Patel**

## વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન 2022-23




જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર અંતર્ગત અણહિલ પાટણ શાળા વિકાસ સંકુલ SVS કક્ષાએ વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન24/12/2022(શનિવાર) સ્વસ્તિક હાઇસ્કુલ, સાણંદખાતે  યોજવામાં આવેલ હતો  .

શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ માધ્યમિક તેમજ ઉચ્ચ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ પોતાનાકૌશલ્ય દર્શાવતી કૃતિઓ રજૂ કરીહતી

.

કૃતિ 1 :**Electronic Farming Machine**

**માર્ગદર્શક શિક્ષકનું નામ : દીપક સી.વાઘેલા**

**ભાગ લેનાર વિદ્યાર્થીઓનું નામ : (1) ઋતુ એસ.ચૌહાણ(std 10) (2) પાર્થ એસ.વસોયા(std 10)**

**આ કૃતિને નિરીક્ષકો દ્વારા દ્વિતીય ક્રમ આપવામાં આવેલ છે જે શાળા માટે એક ગર્વની બાબત છે,અભિનંદન.**

કૃતિ 2 : **Levitating Train**

**માર્ગદર્શક શિક્ષકનું નામ : જીગર એ.ગજ્જર**

**ભાગ લેનાર વિદ્યાર્થીઓનું નામ : 1) ચૈતન્ય એન.શેઠ(11sci) (2) હાર્દિક એસ.સોલંકી (11sci)**

## સ્વામી વિવેકાનંદ ની જન્મ જયંતિ નિમિત્તે રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી (12-01-2023)

તારીખ 12 જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદ ની જન્મ જયંતી નિમિત્તે રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી નો એક કાર્યક્રમ યોજાયેલો.જેમાં શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ ના ધોરણ 9 અને 11 ના વિદ્યાર્થીઓ દ્વારા સ્વામી વિવેકાનંદ ના જીવન ચરિત્ર વિશે બાળકોને જુદી જુદી જાણકારી આપવામાં આવી.....




**Incharge Teacher Name**

**Niravbhai Shah**

**Khyatiben Desai**

**JayantibhaiCharel**

## ઇનોવેશન ફેર -2022-2023




શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમદાવાદ ગ્રામ્ય દ્વારા ઇનોવેશન ફેર નો અહેવાલ :

4-1-23,5-1-23 ના રોજ મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમદાવાદ ગ્રામ્ય દ્વારા ઇનોવેશન ફેર નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાંશ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ સેકન્ડરી હાયર સેકન્ડરી સેકશન માંથીખ્યાતિ દેસાઈએ " શિક્ષણ મા ટેકનોલોજી નો ઉપયોગ "શ્રવણ ટેકનોલોજી.એ વિષય પર વર્ગમાં કાર્યવાહી કરી હતી એ સંદર્ભે તમામ વિગતો આ સ્ટોલમાં ફોટોગ્રાફ,ચાર્ટ અને વિવિધ કૃતિઓના માધ્યમથી સજાવામાં આવી હતી. લેપટોપ માં એ અંગેનું પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટ રાજય કક્ષા એ પસંદ પામ્યો છે .

## પરીક્ષા પે ચર્ચા2023-. નિબંધ સ્પર્ધા પરીક્ષા એક ઉત્સવ (20-01-2023)




શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયના વિદ્યાર્થીઓ પરીક્ષા શાંતિથી અને સરસ રીતે આપી શકે એ માટે પરીક્ષા પે ચર્ચામાં સંદર્ભે નિબંધ લેખન પ્રવૃત્તિનો આયોજન કરવામાં આવ્યું હતું. પરીક્ષા એક ઉત્સવ એ વિષય રાખવામાં આવ્યો હતો.ધોરણ 9 અને 11 ના વિદ્યાર્થીઓ પ્રાર્થના પછી એક વર્ગમાં એકત્રિત થયા હતા શાળા તરફથી supplementary આપવામાં આવી હતી અને વિદ્યાર્થીઓએ ત્રણ પિરિયડ દરમિયાન પોતાના વિચારો રજુ કરીને નિબંધ લખીને સપ્લીમેન્ટરી જમા કરાવી હતી. ગુજરાતીના હાયર સેકન્ડરી ના શિક્ષિકા ઉષા બહેન ભરવાડે આ નિબંધ માટે શ્રેષ્ઠ ત્રણ નિબંધ

પસંદ કરી વિજેતા નામ આપ્યા હતા. ધોરણ 9 અને 11 ના લગભગ 25 વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો .

**Incharge Teacher Name**

UmeshPatel ,RakeshBharwad

## બેસ્ટ રીડર ઓફ ધ યર..ગુજરાતી માધ્યમ સેકન્ડરી હાયર સેકન્ડરી




શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ની અંદર વર્ષ ની શરૂઆતથી વિદ્યાર્થીઓ પુસ્તક વાંચનમાં રસ લે અને જ્ઞાન સાથે માહિતી સભર વાંચન કરે એવોછે.એ સંદર્ભે આખા વર્ષ દરમિયાન વિદ્યાર્થીએ વાંચેલા પુસ્તકોની યોગ્ય નોંધ કરવામાં આવે છે. તેમજ વિદ્યાર્થી કેટલું વાંચ્યું અને એમાંથી કેટલું ગ્રહણ કર્યું એ સંદર્ભે મૂલ્યાંકન કરવામાં આવે છે.આ વર્ષે ગુજરાતી માધ્યમ સેકન્ડરી હાયર સેકન્ડરી વિભાગની અંદર અંગ્રેજી માધ્યમના શિક્ષિકા હેમાલીબેન ભટ્ટને આમંત્રિત કરવામાં આવ્યા હતા.જેમણે નિર્ણાયકની જવાબદારી બજાવી હતી . ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓનું એમને મૂલ્યાંકન કર્યું હતું. વર્ગ દીઠ એક વિદ્યાર્થીની તેમણે પસંદગી કરી હતી. વિદ્યાર્થીઓ એ વાંચેલા પુસ્તકોની યાદી એમને આપવામાં આવી હતી,એ સંદર્ભે વિદ્યાર્થીએ જે પુસ્તક વાંચ્યા એના ઉપર એમણે વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા. જેના વિદ્યાર્થીઓ એ સંતોષકારક ઉત્તર પણ આપ્યા હતા.10/1/23 ના રોજ 2 તાસ દરમિયાન અને 11 મી તારીખે બે તાસ દરમિયાન વિદ્યાર્થીઓની મૂલ્યાંકનની કામગીરી એમણે બજાવી હતી અને યોગ્ય નિર્ણય ત્રણ દિવસની અંદર એમણે આપ્યો હતો.

શ્રેષ્ઠ વાંચક સ્પર્ધા પરિણામ

- Patel Dhairya Kamleshkumar(9-A)
- Chauhan Rutu Sanjaykumar(10-A)
- Rami Yashraj Vijaykumar(11-com)
- Desai Mamta Devabhai(12-com)

# 26 જાન્યુઆરી 2023. શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયમાં ગણતંત્ર દિવસની ઉજવણી

26/1/23. નારાયણ ગુરુ વિદ્યાલયના પ્રાંગણ માં ગણતંત્ર દિવસ આનંદ અને ઉત્સાહથી ઉજવાઈ ગયો. સવારે 7:30 ના સમયે વિદ્યાર્થીઓ શિક્ષણ વાલીગણ અને આમંત્રિત મહેમાનો સાથે સૌ એકત્રિત થયા હતા. ડ્રોઈંગ અને ક્રાફ્ટ ના શિક્ષકો દ્વારા 26 જાન્યુઆરીના સંદર્ભે સુશોભાન કરવામાં આવ્યુ હતું.બરોબર 8:30 ના સુમારે મુખ્ય અતિથિ વિશેષ તરીકે કેપ્ટન અશ્વિન સોલંકી ચીફ નોટિકલ ઓફિસર મેરી ટાઈમ બોર્ડ ગાંધીનગર ઉપસ્થિત થયા હતા. એમને સ્કાઉટ એન્ડ ગાઇડ ના વિદ્યાર્થીઓ સાથે સ્ટેજ સુધી લઇ આવવામાં આવ્યા હતા. ત્યારબાદ ધ્વજવંદન, રાષ્ટ્રગીત,રાષ્ટ્રગાન રજૂ થયા હતા. માર્ચ પાસને સલામી આપવામાં આવી હતી. દેશ પ્રેમ ઉત્પન્ન કરતા રાષ્ટ્રગીત અંગ્રેજી માધ્યમનાં શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયના વિદ્યાર્થીઓ,કોલેજના વિદ્યાર્થીઓ અને શ્રી નારાયણના સેન્ટર સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.




ગુજરાતી માધ્યમ અને સેન્ટ્રલ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રપ્રેમ દર્શાવતો ડાન્સ રજૂ કરવામાં આવ્યો હતો.

શ્રી નારાયણ ગુરૂ વિદ્યાલય, શ્રી નારાયના સેન્ટ્રલ સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓના સ્પોર્ટ્સ અંગેના બેસ્ટ રીડર અંગેના વિવિધ ઈનામો આપવામાં આવ્યા હતા. પ્રિન્સિપાલ શ્રી, અતિથિ વિશેષ અને પ્રેસિડન્ટ સર એ પોતાના વિચારો વક્તવ્ય દ્વારા રજૂ કર્યા હતા. Dr જીગ્નેશ કાઉનંગલ સાહેબે આભાર વિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું. . કલ્ચરલ પ્રોગ્રામ નું સંચાલન અંગ્રેજી માધ્યમની વિદ્યાર્થીની આરોહીશાહ દ્વારા કરવામાં આવ્યું હતું. અંગ્રેજી માધ્યમના નવ બનાવી વિદ્યાર્થી હર્ષિલ વ્યાસ દ્વારા સંવિધાનની રચના અંગે ટૂંકું વક્તવ્ય પ્રસ્તુત થયું હતું.તેમજ જે તે વિભાગના વિવિધ શિક્ષકો દ્વારા ના ઇનામ વિતરણ ના સંચાલન નો કાર્ય ક હાથ ધરવામાં આવવ્યુ હતું.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી માધ્યમ સેકન્ડરી હાયર સેકન્ડરી વિભાગના શિક્ષિકા ખ્યાતિ દેસાઈ દ્વારા કરવામાં આવ્યુ હતું. ઉપસ્થિત સૌને બિસ્કીટનું પેકેટ આપી વિદાય આપવામાં આવી હતી.આમ આ કાર્યક્રમ આનંદ સાથે સંપન્ન થયો હતો .